**વિષય:- વિધાનસભા તારાકીંત પ્રશ્ન ક્રમાંક :-૧૫/૪/૪**

**પ્રશ્નકર્તા:- માન.ધારાસભ્યશ્રી ગેનીબેન નગાજી ઠાકોર(વાવ)**

**મુખ્ય પ્રશ્ન:-(૧) રાજકોટ-અમદાવાદ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૪૭ તથા રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૨૭ ની કામગીરી ૭૫ ટકા જેટલી ભૌતિક રીતે પૂર્ણ થયેલ તે કામગીરી ટેન્ડર પ્રમાણે જાન્યુઆરી-૨૦૨૦ સુધી માં પૂર્ણ કરવાની હતી તે હકીકત સાચી છે ?**

**(૨) જો હા, તો તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે ?**

**(૩) ઉક્ત કામગીરી સમયસર પૂર્ણ ન થયેલ હોઈ તો ક્યારે કઈ એજન્સીને સમયની મુદતમાં કેટલો વધારો કરવામાં આવ્યો ?**

**(૪) ઉકત રસ્તાની કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?**

## અમદાવાદ-રાજકોટ રસ્તાનું છ-માર્ગીયકરણ ની ટુંકી વિગત

- પ્રથમ વર્ષ ૨૦૦૧ માં બગોદરા થી રાજકોટ સુધીના રા.ધો.મા.૮-એ ને ગુજરાત સરકાર દ્વારા રાજ્ય ભંડોળથી ચાર માર્ગીયકરણ કરવામાં આવેલ. ત્યારબાદ સદર રસ્તા પર ટ્રાફીકનો ભારણ વધતા આ રસ્તાને છ-માર્ગીયકરણ કરવા મોર્થ, ભારત સરકારમાંથી મંજુરી મેળવી ગુજરાત સરકાર દ્વારા કામગીરી હાથ ધરેલ અને આ કામગીરી ગુજરાત સરકારના બજેટ માંથી ૩૦% અને જી.એસ.એફ.એસ. પાસેથી ૭૦% લોનની જોગવાઈથી કરવાનું નક્કી કરેલ છે.
- અમદાવાદ - બામણબોર -રાજકોટ સેક્શનના છ-માર્ગીયકરણના કામની તા.૧૦/૦૬/૨૦૧૬ થી રૂા.૨૬૨૦ કરોડની વહીવટી મંજુરી આપેલ.
- ત્યારબાદ જમીન સંપાદન, યુટીલીટી શીફટીંગ ફોરેસ્ટ કલીયરન્સની રકમમાં વધારો તેમજ હિરાસર એરપોર્ટ ખાતે ટ્રમ્પેટ ઈન્ટરચેન્જ, અંડરપાસ અને સર્વીસ રોડ તેમજ ચોટીલા લેફટી આઉટની વધારાની ફેઝ-૨ની કામગીરીને ધ્યાને લઈ રૂા.૩૩૫૦ કરોડની સુધારેલી વહીવટી મંજુરી આપવામાં આવેલ.
- આ પ્રોજેકટની ૧૯૦ કી.મી. લંબાઈમાં ફેઝ-૧ માં કુલ ૧ થી ૫ પેકેજમાં કામગીરી જાન્યુઆરી-૨૦ થી શરૂ કરી ૨૪ માસની સમયમર્યાદામાં પૂર્ણ કરવાની શરતે હાથ ધરવામાં આવેલ હતી.
- **<u>વિલંબના કારણો:-</u>**આ કામગીરીમાં જમીન સંપાદન, ફોરેસ્ટ કલીયરન્સ અને કોવીડ -૧૯ મહામારી વગેરે જેવા કારણોસર વિલંબ થયેલ છે અને આ સમયગાળામાં ભારત સરકારે સમયમર્યાદામાં આપેલ રાહત મુજબ ગુજરાત સરકાર દ્વારા રાહત આપી તા૩૧/૧૨/૨૦૨૩ સુધી સમયમર્યાદા વધારી આપેલ છે.
- અમદાવાદ-રાજકોટ રસ્તાના છ-માર્ગીયકરણના કામમાં કુલ ૨૭૨.૪૧ હેકટર જમીન સંપાદન કરવાની જરૂર હતી અને તે ૩૯ ગામમાં કરવાની હતી તેમજ કુલ ૬૩૩.૮૫૪ હેકટરમાં ૧૪૮.૮૧૮ કિ.મી. માટે ફોરેસ્ટ કલીયરન્સની જરૂરીયાત હતી.
- **<u>ટોલની જોગવાઈ -</u>** આ કામગીરીમાં લોનની ભરપાઈ કરવા ટોલની જોગવાઈ છે. જે અન્વયે કુલ-૪ ટોલ (૧) ભાયલા (૨) કટારીયા (૩) ઢેઢુકી અને (૪) માલીયાસણ ખાતે બનાવવામાં આવશે.
- આ કામના ફેઝ-૧ ના પાંચ પેકેજ માં કુલ ૪૭ સ્ટ્રક્ચર મંજુર થયેલ હતા. જે પૈકી કુલ ૧૦ સ્ટ્રકચરનું કામ સ્થળ સ્થિતી મુજબ તથા જમીન સાંપાદનના કારણે પડતા મુકવામાં આવેલ છે. જ્યારે કુલ ૨૬ સ્ટ્રક્ચર નું કામ પૂર્ણ થયેલ છે અને કુલ ૧૧ સ્ટ્રકચરનું કામ પ્રગતિમાં છે. તેમજ આ રસ્તા પર કુલ ૫૬.૯૬ કિ.મી.ની લંબાઈમાં સર્વિસ રોડની સુવિધા પુરી પાડવમાાં આવશે.
- આ પ્રોજેકટ અન્વયે કામગીરી મહદઅંશે તા.૩૧/૩/૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનુ આયોજન છે.

| પેકેજ નંબર | સ્ટ્રકચરની સંખ્યા | જાન્યુઆરી-૨૪ | ફેબ્રુઆરી-૨૪ | માર્ચ-૨૪ | જુન-૨૪ |
|---|---|---|---|---|---|
| ૧ થી ૫ | ૧૧ | ૨ | ૧ | ૬ | ૨ |

| પેકેજ નંબર | બાકી લંબાઈ | જાન્યુઆરી-૨૪ | ફેબ્રુઆરી-૨૪ | માર્ચ-૨૪ | જુન-૨૪ |
|---|---|---|---|---|---|
| ૧ થી ૫ | ૧૯.૬૫ કી.મી. | ૨.૧૦ કી.મી. | ૩.૪૫ કી.મી. | ૧૧.૦૮ કી.મી. | ૩.૦૧ કી.મી. |

- આ રસ્તાની છ–માર્ગીયકરણમાં વધારાની સુવિધા જેવી કે, મિડીયન પ્લાન્ટેશન, એવન્યુ પ્લાન્ટેશન,બસ બે, ટ્રક લે બાય અને રોડ સેફટી માટે ફલાય ઓવર, વી.યુ.પી., જંકશન સુધારણા, રોડ માર્કીંગ, ક્રેશ બેરીયર, ઓવરહેડ સાઇન, રોડ સાઇનેજીસ જેમાંઇન્ફોર્મેટીવ સાઇનેજીસ, કોઝનરી સાઇનેજીસ, મેંડેટરી સાઇનેજીસનો સામાવેશ થાય છે.
- તદ્ ઉપરાંત રાત્રી મુસાફરીની સલામતી માટે દરેક ઓવરબ્રીજ તથા સર્વીસ રોડ પર સ્ટ્રીટ લાઇટ, કેટ આઇ, મીડીયન માર્કીંગ, એડવાન્સ ટ્રાફીક મેનેજમેન્ટ સીસ્ટમ અન્વયે  સ્પીડ ગન, વાઇફાઇ સી.સી.ટી.વી. કેમેરા, રીયલ ટાઇમ કેટેગરી મુજબ વાહનોની સંખ્યાની ગણતરી વગેરે સુવિધા ઉપલબ્ધ થશે.
- આ રસ્તા પર ટોલ પ્લાઝા પર પીવાનું પાણી, શૌચાલય, એમ્બ્યુલન્સ,ક્રેન,પ્રાથમીક સારવાર, વજન કાંટા,હાઇવે પેટ્રોલ યુનિટ વગેરે પુરી પાડવામાં આવશે.
- અમદાવાદ–રાજકોટ રસ્તાના છ–માર્ગીયકરણના કામમાં હાલની પરિસ્થિતિએ બામણબોર ટોલ પ્લાઝા ખાતે ૩૭,૧૪૩ અને બગોદરા ટોલ પ્લાઝા ખાતે ૩૨,૯૫૨ વાહનો સરેરાશ એક દિવસમાં પસાર થાય છે
- અમદાવાદ–રાજકોટ રસ્તાના છ–માર્ગીયકરણના કારણે રાજ્ય સરકારને વાર્ષિક આશરે રૂ.૩૯૪.૯૫ કરોડની ટોલની આવક થવાનો અંદાજ છે.